
सत्यमेव जयते
ગુજરાત સરકાર

# અસ્મિતા દર્શન
## જીવન અને કવન




**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**




મહાત્મા ગાંધીજી

## મહાત્મા ગાંધીજી

“સાચી કેળવણી તો બાળકો અને બાળાઓની અંદર રહેલું હીર પ્રગટાવવામાં રહેલી છે. આ વસ્તુ વિદ્યાર્થીઓના મગજમાં નકામી હકીકતોનો ખીચડો ભરવાથી કદી સાધી ન શકાય. એવી હકીકતો વિદ્યાર્થીઓ પર બોજારૂપ થઇ પડે છે, તેમની સ્વતંત્ર વિચારશક્તિને હણે છે ને વિદ્યાર્થીને કેવળ યંત્રરૂપ બનાવી દે છે.

વિદ્યાર્થીઓના માર્ગમાં મોટામાં મોટી અડચણ છે તે બહુધા કાલ્પનિક એવાં પરિણામોના ભયની છે. એટલે એમણે જે પહેલો પાઠ શીખવાનો છે એ ભય છોડવાનો છે.

સંસારમાં જો ખરી શાંતિ આપણને જોઇતી હોય, જો આપણે યુદ્ધની સાથે યુદ્ધ કરવું હોય, તો આપણે તેનો બાળકોથી જ આરંભ કરવો જોઇએ.”



સરદાર વલ્લભભાઈ પટેલ

# સરદાર વલ્લભભાઈ પટેલ

ઇ.સ. ૧૯૨૮માં મુંબઇ સરકારે સુરત જીલ્લાના બારડોલી તાલુકામાં જમીન મહેસૂલમાં મનસ્વી રીતે વધારો કરી દીધો. ખેડૂતો ખળભળી ઉઠ્યા. તેમણે અન્યાયને તાબે થવાને બદલે મરી જવાનું અને ફના થઇ જવાનું વધારે પસંદ કર્યું અને વલ્લભભાઇને એમની નેતાગીરી લેવા આગ્રહ કર્યો. વલ્લભભાઇ પણ બારડોલીના કિસાનોની ફનાગીરી ઉપર ફિદા થઇને તેમની નેતાગીરી સ્વીકારવા તૈયાર થયા. સૈન્યને સરદાર મળી ગયા પછી તો પૂછવું જ શું ?

તાલુકાની એંસી હજારની જનતા એમના એક શબ્દ ઉપર ન્યોચ્છાવર થવા એક પગે ખડી થઇ ગઇ. ગામડામાં પ્રાણ ફુંકાયો. ભાંગી પડેલા કિસાનને પ્રથમવાર જ જાગૃતિ અને સ્વાભિમાનની લહેર સ્પર્શી ગઇ.

આખો દેશ આ લડાઇ આતુરતાપૂર્વક નિહાળી રહ્યો હતો. કરોડો આંખો વલ્લભભાઇ ઉપર મંડાઇ હતી. છેવટે સત્ય અને ન્યાયનો વિજય થયો. બારડોલીની સ્વાભિમાની જનતા સમક્ષ અંગ્રેજ સરકારે ઘૂંટણ ટેકવી દીધા. સરકારે મહેસૂલનો વધારો માફ કર્યો. આખા ભારતમાં બારડોલી અને વલ્લભભાઇના નામનો જયજયકાર થઇ ગયો. જનતાએ તેમને માત્ર બારડોલીના જ નહિ બલકે સમગ્ર દેશના સરદાર તરીકે વધાવી લીધા. આખા દેશમાંથી તેમના ઉપર અભિનંદનોની વર્ષા થઇ.

વલ્લભભાઇએ તો નમ્રતાથી એટલુ જ કહ્યું, ગુજરાતની દેશને આ ભેટ છે. હકીકતમાં તો ગુજરાતે આ સત્યાગ્રહ દ્વારા દેશને વલ્લભભાઇની ભેટ ધરી હતી.



મહારાણા પ્રતાપ

## મહારાણા પ્રતાપ

મેવાડની મરૂભૂમિને માથે સિસોદિયા વંશનો સૂર્ય તપતો હતો.

મહારાણા ઉદયસિંહની વાત્સલ્યકુંજમાં પ્રતાપનો જન્મ સન ૧૫૪૦માં થયો.

**કેવું હતું મહારાણા પ્રતાપનું શૈશવ?**


પુત્રના લક્ષણ પારણામાંથી જ વરતાવા માંડયા. પુસ્તકિયા જ્ઞાન કરતાં બાળ પ્રતાપને રમતગમતમાં વધુ રસ હતો. એમની રમતો પણ કેવી ! ગિલ્લીદંડા, સંતાકૂકડી કે સાતતાળી નહિ, ડુંગરોની ઉંચી ભેખડો પરથી નદીમાં ખાબકવું, મલ્લો સાથે કુસ્તી કરવી, ઘોડાઓ દોડાવવા, રાની પશુઓનો શિકાર કરવો ! આવા હતા પ્રતાપ અને આવી હતી તેમની રમતો!



# છત્રપતિ શિવાજી

# છત્રપતિ શિવાજી

''શિવાજીને નિંદરું ના'વે માતા જીજાબાઇ ઝૂલાવ''! રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની આ ઐતિહાસિક અને પ્રેરક રચના છે. બાળ ઉછેરમાં માતાની પ્રેરણા અને ગુરુનો ઉપદેશ ખૂબ મહત્વના છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ એટલે માતા જીજાબાઇ અને સમર્થ ગુરુ રામદાસ. પારણે ઝૂલતા ઝૂલતા શિવાજી ચારિત્ર્ય, દેશભક્તિ અને શૌર્યના પાઠો શિખ્યા; અને આ રીતે રાષ્ટ્રને એક મહાન સપૂત પ્રાપ્ત થયો. તેમણે ચુનંદા સરદારોનો સાથ લઇ ગેરીલા પદ્ધતિથી લડીને મુઘલોના વિશાળ સૈન્યને જબ્બર પડકાર આપ્યો હતો. તેઓ આજીવન સ્વાભિમાનની લડાઇ લડતા રહ્યા. તેમના અષ્ટ પ્રધાનમંડળમાં ઉત્તમ કોટીના વિદ્વાનો હતા, જેમણે શ્રેષ્ઠ વહીવટ આપ્યો.



# સ્વામી વિવેકાનંદ

## સ્વામી વિવેકાનંદજીની આર્ષ વાણી :

“જે કેળવણી વડે ચારિત્ર્યનું નિર્માણ થાય, મનની શક્તિનો વિકાસ થાય, બુદ્ધિનીક્ષિતિજો વિસ્તરે અને માણસ પોતાના પગ પર ઉભો રહી શકે, એવી કેળવણીની આપણે જરૂર છે.”

“ખરો ગુરુ તે જ છે કે જે પોતાની સઘળી શક્તિ પોતાના શિષ્યની વૃત્તિમાં રેડી શકે. સાચી સહાનુભૂતિ સિવાય આપણે સાચી રીતે શીખવી શકીએ નહી.”

“જયારે તમે જ્ઞાનનો ઉપદેશ કરો ત્યારે તમારે જ્ઞાની થવું જોઇએ, અને માનસિક રીતે જે ભૂમિકાએ શિષ્ય હોય, બરાબર તે જ ભૂમિકાએ તમારે ઉભા રહેવાનું રહ્યું.”

“ભાવિ ભારતનો ઉગમ થઇ રહ્યો છે એનો ફણગો ફૂટયો છે , કૂંપણ નીકળી ચૂકી છે અને એક વિશાળ, પર્વતપ્રાય ઉર્ધ્વમૂલ વૃક્ષ દેખાવાની શરૂઆત થઇ ચૂકી છે.”

“તમારા સ્નાયુઓને મજબૂત બનાવો. આપણને જરૂર છે લોખંડી માંસપેશીઓની અને પોલાદી સ્નાયુઓની આપણે બહુ કાળ સુધી રોતા રહ્યા છીએ, હવે વધુ રડવાની જરૂર નથી. તમારાં પોતાના પગ ઉપર ઉભા રહો, મર્દ બનો.”

“જરૂર છે મર્દોની, સાચા મર્દોની, બીજું બધું તો થઇ રહેશે, પણ ખરેખર તો બળવાન, દૃઢ, શ્રદ્ધાવાન અને નિષ્ઠાથી ઉભરાતા નવયુવકોની જરૂર છે. જો આવા સો નવયુવકો આવી મળે, તો આ જગતની સૂરત પલટી જાય.”



# સુભાષચંદ્ર બોઝ

# સુભાષચંદ્ર બોઝ : "તુમ મુઝે ખુન દો, મૈ તુમ્હે આઝાદી દૂંગા"

"તમે સ્વાધીનતાનો આનંદ ઇચ્છો છો ? તમારે સ્વાતંત્ર્યનું સુખ જોઇએ તો સ્વાધીનતા કષ્ટો સહેવાથી જ અને એ દામ ચૂકવવાથી જ સાંપડી શકશે..."

આ સ્વાતંત્ર્ય સંદેશો આપનાર હતા આપણા લોકનાયક, આઝાદ હિંદ ફૌજના સ્થાપક નેતાજી સુભાષચંદ્ર બોઝ. ભારતીની સંપૂર્ણ આઝાદી ઝંખનાર રાષ્ટ્રીય વીર.

બંગાળના ચોવીસ પરગણા નામના જીલ્લામાં કોદાલિય ગામમાં ઇ.સ. ૧૮૯૭ના જાન્યુઆરીની ૨૩મી તારીખે એમનો જન્મ. પિતા જાનકીનાથ બોઝ અને માતા પ્રભાવતીદેવી. સુભાષબાબુને સાત ભાઇઓ અને છ બહેનો હતા.

**બાળ મિત્રો, તમારે જાણવું છે, કેવું હતું નેતાજીનું બચપણ?**

શાળામાં ટોળીઓ જમાવવી, તોફાનો કરવાં, લડાઇઓ લડવી એ જેટલાં એમને મન સ્વાભાવિક, એટલા જ સ્વાભાવિક કયાંક રોગચાળો ફાટી નિકળ્યો હોય તો માંદાની સારવાર કરવી, દવાદારૂ લાવી આપવાં તેમ જ ગરીબોને મદદરૂપ નીવડવું, એમને માટે કપડાંલત્તાં એકઠાં કરવાં વગેરે કાર્યો હતા. આવાં કામો માટે ઘણી વાર એ નિશાળેથી કે ઘરેથી કોઇને કહ્યા સિવાય જ ભાગી જાય. એમને માટે કોઇ શોધખોળ કરે નહિ, પણ ચાર પાંચ દિવસે જયારે એ પાછા ન ફરે ત્યારે એમની શોધ, જયાં રોગચાળો ફાટી નિકળ્યો હોય કે કુદરતી આપત્તિને લીધે લોકો હેરાન થતા હોય ત્યાં જ થાય. આવા હતા બાળ સુભાષ!



# વીર સાવરકર


## વીર સાવરકર

૧૯૦૫ની સાતમી ઓક્ટોબર....

એક ગાડું ભરીને વિદેશી કપડાં સાથે વિશાળ સરઘસ નીકળ્યું, ટિળક અને પરાંજપે પણ એમાં હતા. પુણે લકડી પુલ આગળ એ કપડાંની હોળી થઇ. આકાશને અડતી જ્વાળાઓ વચ્ચે ટિળક, પરાંજપે અને સાવરકરનાં આગ ઝરતાં ભાષણો થયા. અંગ્રેજોના હૈયામાં પણ એથી હોળી જ સળગી હશે !

ગાંધીજીએ ૧૯૦૨માં ભારતના રાજકારણમાં પ્રવેશ કર્યો. સાવરકરે એના વર્ષો પહેલાં વિદેશી કપડાંની હોળી કરેલી. સાવરકર વિદેશી કપડાંની હોળી કરનાર પ્રથમ ભારતીય બન્યા.

આ બનાવથી કોંગ્રેસના મવાળ આગેવાનો અકળાયા પરંતુ સાવરકરની બુદ્ધિ પ્રતિભાથી એ બધા પ્રભાવિત હતા. પણ વિદેશી કપડાંની હોળી એમનેય આભડી ગઇ ! સાવરકરને ભાવુક, ઉદ્દામ, ગરમ મિજાજી વગેરે વિશેષણોથી નવાજવામાં આવ્યા. ફર્ગ્યુસન કોલેજે એમને દશ રૂપિયા દંડ કર્યો અને હોસ્ટેલમાંથી કાઢી મુકયા. આઝાદી માટે બરતરફ થનાર પહેલા વિદ્યાર્થી પણ હતા.



# રવીન્દ્રનાથ ટાગોર

# ગુરુવર રવીન્દ્રનાથ ટાગોર

## રવીન્દ્ર વાણી :

“બાળક એ કાંઇ માટીનું ઢેફું નથી કે ફાવે તે રીતે તેને આકાર આપી શકાય. બાળક એ કાંઇ પત્થરનું પૂતળું નથી કે તેને ફાવે તે રીતે આભૂષણો પહેરાવી શકાય. બાળક એ કોઇ યંત્ર નથી કે તેને ફાવે તે રીતે ચાવી આપીને ચલાવી શકાય

તે તો છે ,

એક જીવંત, અત્યંત સૂક્ષ્મ, મૃદુ અને સંવેદનશીલ પંખીડું

આ પંખીડું છે......

રહસ્યમયતાનો સંપૂટ.

ખૂબ સમજથી, ખૂબ કોમળતાથી, ખૂબ કાળજીપૂર્વક, તેને વિકસાવવાનું છે. પુષ્પની પાંખડીઓ ખૂલતાં પૂર્ણ વિકસિત કમળ બને, તેમ તેને ખીલવવાનું છે.

આ માટે આપણી પ્રાચીન વિદ્યા આપણને વારસારૂપે પ્રાપ્ય છે _

એ છે, અંતરઆત્માના વિકાસની વિદ્યા અને એનું જ નામ છે...... કેળવણી.”



ઝવેરચંદ મેઘાણી

# ઝવેરચંદ મેઘાણી

ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપ્યું હતું તેવા મેઘાણીભાઈને આપણે એક નિડર અને સત્યશોધક પત્રકાર, લેખક અને કવિ તરીકે જાણીએ છીએ. તેમણે સૌરાષ્ટ્રના ગામડે ગામડે ફરીને લોક સંપર્ક કરીને લોકકથાઓ એકત્ર કરી છે. તેમની અમર રચના "સૌરાષ્ટ્રની રસધાર"માં આપણને સૌરાષ્ટ્રની વીર ભૂમિમાં પાકેલા સંતો, સતીઓ અને શૂરવીરોની પ્રેરક વાતો જાણવા મળે છે. તેમણે રાષ્ટ્રીય ચારિત્ર્ય પ્રકટાવનાર અનેક કવિતાઓ અને ગીતો રચ્યાં છે. શિવાજીનું હાલરડું, કસુંબીનો રંગ અને ચારણ કન્યા જેવા ગીતો આજે પણ લોકજીભે રમે છે.



ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

## ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્

બાળમિત્રો, તમે જાણો છો કે આપણે પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિન ઉજવીએ છીએ. તમે જાણવા ઉત્સુક હશો કે પાંચમી સપ્ટેમ્બરનું શું મહત્વ છે? તે આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ નો જન્મદિન છે. તેઓ એક મહાન શિક્ષણવિદ્ હોવા સાથે ભારતીય દર્શન અને તત્વજ્ઞાનના મહાન વિદ્વાન હતા. તેમના વિદ્યાર્થીઓએ જ્યારે તેમનો જન્મદિન ઉજવવાની અનુમતિ માંગી ત્યારે તેમણે પોતાના જન્મદિનને બદલે સમસ્ત શિક્ષક સમાજની વંદના કરવા કહ્યું અને આ રીતે શિક્ષક દિન ઉજવવાની પરંપરા આવી. આવો, આપણે ગુરુજનોને આદર આપીએ. તે સાથે શિક્ષકો પણ પોતાના કર્તવ્યનું સતત સ્મરણ રાખે. આ રીતે આપણે ડૉ. રાધાકૃષ્ણન્ ને સાચી શ્રદ્ધાંજલિ આપી શકીએ.





**શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**

Gyan Saptah - Asmita Darsan
Size: 8” x 5.5”
Paper : 170 Gsm Art Matt
Mill: Ballarpur (BILT)
Printing : Multi Colour
Page : 4 + 20 = 24, Binidng: Centre Pin